## : રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું :
# નિકાહ કરવું મારી સુન્નતમાંથી છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) અને આપના બાવાજીસાહેબ થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"જે શખ્સ એમ પસંદ કરતો હોય કે તે અલ્લાહતઆલા થી પાકો સાફ અને તૈયબો તાહિર હાલતમાં જઇને મીલે, તો એને જોઇએ કે તે એક બૈરોથી નિકાહ કરી પાકદામની, મોહબ્બત અને ઇમાનદારીથી ઝિંદગી ગુઝારે અને પોતાના અખ્લાક-આદતોને નેક રાખે."** વધુમાં હદીસે શરીફમાં મન્કૂલ છે કે, **"જે શખ્સ મારી ફિત્રત-તબીઅત પર રહવા ચાહતો હોય તો એને જોઇએ કે તે મારી પૈરવી કરે, મારા કહ્યા મુજબ કરે. બેશક નિકાહ-શાદી કરવું મારી મખ્સૂસ સુન્નતોમાંથી છે."**

ઈમામ આલી મકામ (અ.સ.) નું એક બીજી રિવાયતમાં ફરમાન છે કે, "જે જવાન શખ્સ તેની ભરપૂર જવાનીમાં પાકદામન બૈરો સાથે શાદી કરી લે છે તો તેને શૈતાન ઈબ્લીસ ઝોર-ઝોરથી ચિલ્લાઈને પુકાર કરે છે કે, અફસોસ ! અફસોસ ! આ શખ્સે મારાથી પોતાના દીનો ઈમાનના તીસરા હિસ્સાની હિફાઝત કરી લીધી. બસ હવે તેને તેના દીનના બાકીના હિસ્સાની સલામતી વાસ્તે અલ્લાહનો ખૌફ રાખવો જોઈએ."

મૌલાના અલી (અ.સ.) થી મન્કૂલ છે કે, રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ના અસ્હાબે કિરામમાંથી જો કોઈ શાદી કરતા તો આપ તેને વધામણી અને બશારત આપતા અને ફરમાવતા કે, ***"અલ્લાહે તેના દીનને કામિલ કીધું."*** કુરઆને શરીફમાં ખુદાતઆલાના ફરમાનો, હદીસે નબવી, રિવાયતે અહલે બૈત (અ.સ.) પર નઝર નાખવામાં આવે તો સાબિત થાશે કે, ઈસ્લામમાં નિકાહ અને શાદી બગૈર છુટકારો નથી. સાચો મુમિન તે જ કહેવાય કે જેએ શાદી કીધી હોય અને કોઈ મુમેના બૈરોને પોતાના શરીકે હયાત બનાવા હોય. જે મુજબ ખુદાતઆલાએ આ કાએનાતની હરએક ઝિંદા ચીઝોના જોડકા બનાવા છે તે મુજબ મરદ-બૈરો બનુ-આદમની તખ્લીકના જોડકા છે. અગર આ જોડકાની નિકાહના બંધનથી મુલાકાત થાય તો જ બનુ-આદમની નિશાની આ ઝમીન પર કાઈમ રહે, બાકી રહે. તેથી ઈન્સાની હસ્તીનો એક નુસ્ખો અને કાઈમી ઈલાજ મરદ સાથે બૈરોની શાદીનો છે.

અલ્લાહતઆલાએ મુમેનીનને મુખાતિબ થઈને ફરમાવું છે કે, ***"તમારી કૌમની બેવાહ ઔરતો અને તમારા નેકબખ્ત ભાઇઓ-બહેનોના નિકાહ કરાવી આપો. જો એ લોકો મોહતાજ હોય તો અલ્લાહતઆલા પોતાની મહેરબાનીથી એમને ઝરદાર-માલદાર બનાવી દેશે."*** આ હુકુમે ઈલાહીને મદ્દેનઝર રાખી અને સુન્નતે રસૂલ (સ.અ.વ.વ.) ને અમલમાં મૂકવા વાસ્તે અશરા મુબારકાની વાઅઝ દૌરાન દાઅવતે હાદીયાહના મરકઝ પરથી એમ ઈઝહારે ખયાલ કરવામાં આવો કે, ઈન્શાઅલ્લાહ આ સાલ ૪ રબીઉલ આખરે ઈમામ તૈયબ (અ.સ.) ની મીલાદ મુબારક સાથે હુઝુરેઆલી સૈયદના સાહબ (ત.ઉ.શ.) ની ૭૫ મી સાલગિરાહ વાકેઅ થાય છે. આ મુબારક મૌકાને આઅલામાં આઅલા તૌર પર મનાવવા વાસ્તે બીજા પ્રોગ્રામો સાથે સાહબે દાઅવતનો **મજમૂઉન્નિકાહ** (સમૂહ નિકાહ) રાખવાનો પણ ઈરાદો છે. મુમેનીન આ એલાનને એક સુનેહરો મૌકો ગરદાની જે ઘરોમાં શાદીને કાબિલ દિકરા-દિકરી હોય તેઓ હમણાથી જ શાદીની તૈયારીઓ શુરૂ કરે અને હમારા રસૂલે પાક (સ.અ.વ.વ.) ની સુન્નતને જારી કરવાની ખુશી જે શાદી-ખાનાઆબાદીથી હાસિલ થાય છે, તે ઈમામ અને દાઈયુઝઝમાનની મીલાદની ખુશી સાથે શામિલ કરી દે.

બીજી એ ચીઝ પણ ઝાહિર કરવામાં આવી કે, દિકરા-દિકરીની નિસ્બત વાસ્તે જમાઅતમાં મુમેનીનને ઘણી દુશ્વારી થાય છે અને અમુક ઉમર ગુઝરી જાવાથી દિકરા યા દિકરીની મંગની વાસ્તે ઘણા શદીદ હાલાતનો વાલેદૈનને સામનો કરવો પડે છે. આ ચીઝને મુમેનીન વાસ્તે આસાન કરવા હવે સાહબે દાઅવતે ચંદ સાહબોના તઆવુનથી **નિસ્બતની પેશકશ** વાસ્તે વાલેદૈનને દાઅવતના મરકઝ પર તલબ કરવાનો અને મુનાસિબ તરીકાથી નિસ્બત કરી આપવાનો ઈરાદો કીધો છે. જે મુમેનીન આવા હાલાતથી ગુઝરા હોય અને નિસ્બત વાસ્તે પરેશાનહાલ હોય તેઓ સાહબે દાઅવતને અરઝ કરી શકે છે અને પોતાની ઔલાદની નિસ્બતની રાહ હમ્વાર કરી શકે છે. સાહબે દાઅવત એ હદ તક કોશિશ કરશે કે જમાઅતનો કોઈ પણ ફર્દ કોઈ સબબ બગૈર યા બિલા-ઉઝ નિકાહની મુબારક સુન્નતથી મેહરૂમ ન રહે અને શાદી-ખાનાઆબાદીની ખુશીથી બેનસીબ ન રહે. ★